અપીલ અરજી નં.૩૭૮ તા.૨૭–૧–૧૦

અરજદારઃ– શ્રી દિપક પટેલ
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપક પટેલની તા.૧૪–૧૨–૦૯ ની અરજીથી (૧) ૧૪૧ પાનથી મા.ખા.પ્રા. શાળાના આચાર્યશ્રીની માહિતી આપશ્રીના દફતરે છે જે શાળાઓની સંખ્યા ૧૨૬ છે તે તમામ પ્રમાણીત પત્રોની માહિતી (૨) ન.પ્રા.શિ. સમિતિ સુરતના શાસનાધિકારી ધ્વારા તા.૨૯–૩–૦૭ પત્ર નં.૯૧૨૮ થી દિન–૧૫ માં શિક્ષકોની ભરતી સંબંધી એન.ઓ.સી. મેળવી લેવા તથા તાલીમી શિક્ષકોની ભરતી કરવા શાળાઓને નોટીસ આપી હતી જે પત્ર શાળાઓને પાઠવી તાકીદ કરી હતી જે શાળાઓએ આપશ્રીની કચેરીના અધિકૃત અધિકારીશ્રીની સુચનાનું પાલન કર્યુ નથી. જેના મુદૃા નં.૨ **A B C D** ના પેટા મુદૃા તથા મુદૃા નં.૩ અને ૪ મુજબ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૭–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૭૮/૨૦૦૯–૧૦

શ્રી દિપક પટેલની તા.૧૪–૧૨–૦૯ ની અરજીથી (૧) ૧૪૧ પાનથી મા.ખા.પ્રા. શાળાના આચાર્યશ્રીની માહિતી આપશ્રીના દફતરે છે જે શાળાઓની સંખ્યા ૧૨૬ છે તે તમામ પ્રમાણીત પત્રોની માહિતી (૨) ન.પ્રા.શિ. સમિતિ સુરતના શાસનાધિકારી ધ્વારા તા.૨૯–૩–૦૭ પત્ર નં.૯૧૨૮ થી દિન–૧૫ માં શિક્ષકોની ભરતી સંબંધી એન.ઓ.સી. મેળ વી લેવા તથા તાલીમી શિક્ષકોની ભરતી કરવા શાળાઓને નોટીસ આપી હતી જે પત્ર શાળાઓને પાઠવી તાકીદ કરી હતી જે શાળાઓએ આપશ્રીની કચેરીના અધિકૃત અધિકારીશ્રીની સુચનાનું પાલન કર્યુ નથી. જેના મુદૃા નં.૨ **A B C D** ના પેટા મુદૃા તથા મુદૃા નં.૩ અને ૪ મુજબ માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૨૬૩ તા.૫–૨–૧૦ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) તથા અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી કેટલી મળેલ છે? કેટલી નથી મળી? કઈ માહિતી સામે નારાજગી છે? તેની સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૧૫–૨–૧૦ ના રોજ પત્ર મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૧૪–૧૨–૦૯ ની અરજીથી (૧) ૧૪૧ પાનથી મા.ખા.પ્રા. શાળાના આચાર્યશ્રીની માહિતી આપશ્રીના દફતરે છે જે શાળાઓની સંખ્યા ૧૨૬ છે તે તમામ પ્રમાણીત પત્રોની માહિતી (૨) ન.પ્રા.શિ. સમિતિ સુરતના શાસનાધિકારી ધ્વારા તા.૨૯–૩–૦૭ પત્ર નં.૯૧૨૮ થી દિન–૧૫ માં શિક્ષકોની ભરતી સંબંધી એન.ઓ.સી. મેળવી લેવા તથા તાલીમી શિક્ષકોની ભરતી કરવા શાળાઓને નોટીસ આપી હતી જે પત્ર શાળાઓને પાઠવી તાકીદ કરી હતી જે શાળાઓએ આપશ્રીની કચેરીના અધિકૃત અધિકારીશ્રીની સુચનાનું પાલન કર્યુ નથી. જેના મુદૃા નં.**A B C D** ના પ્ર માણે ના મુદૃા –(એ) તા.૯–૪–૦૭ ના રોજ ન.પ્રા. કન્યા શાળા નં.૮૭ ના કેન્દ્રાચાર્ય ધ્વારા નીચે જણાવેલી શાળામાં પત્ર નં.૯૧૨૪ પહોંચાડયો છે આજ દિન સુધી શાસનાધિકારીનશ્રીનું સૂચનાનું પાલન કર્યુ નથી. ૧. શ્રી ક્રિષ્ના વિદ્યાલય ૨૨૬–૨૨૭, જગદીશનગર વિ–૨, વરાછા રોડ, સુરત લંબેહનુમાન રોડ,૨. નવસર્જન વિદ્યાલય ૭,જગદીપનગર વિ–૨, વરાછા રોડ, સુરત લંબહનુમાન રોડ, ૩. નૂતન વિદ્યાલય ૨૬૪, વર્ષા સોસા.વિ–૧. માતાવાડી લંનેહનુમાન રોડ ,વરાછા રોડ, સુરત ૪. દિવાળી બા કન્યા વિદ્યાલય, સંતોષીનગર વરાછારોડ, સુરત. ૫. સર્વોદય વિદ્યાલય ૩૮૩, વર્ષા સોસા. વિ–૧, માતાવાડી, લંબેહનુમાન રોડ, સુરત. ૬. નવનિધિ વિદ્યામિલન, સંતોષીનગર, લંબેહનુમાન રોડ, સુરત. ૭. નચિકેતા વિદ્યાલય ૯૬, જય સંતોષીનગર, વરાછારોડ, સુરત. ૮. મંગલમ વિદ્યાલય, ભગીરથનગર–૨, લંબેહનુમાન રોડ, સુરત . ૯ હરિકૃષ્ણ વિદ્યાભવન નીલકંઠ સોસા., નં.૨૧૪/૧૮, વરાછારોડ, સુરત. ૧૦ કદમ્બા વિદ્યાલય, ભોળાનગર, લંબેહનુમાનરોડ, સુરત. ૧૧. રચના વિદ્યાલય, ઘનશ્યામનગર, લંબેહનુમાનરોડ, સુરત. ૧૨. શ્યામ સુદર પ્રા.શાળા, ભગીરથનગર–૧, વરાછારોડ, સુરત.–૬. ૧૩ સત્સંગી વિદ્યાલય, ભરતનગર, લંબેહનુમાન રોડ, સુરત. ૧૪. જગતગુરુ વલ્લાભાચાર્ય વિદ્યાલય, ૧૫૨,૧૫૩, જય સંતોષીનગર, વરાછારોડ, સુરત. ૧૫. સમતા વિદ્યાલય નીલકંઠ સોસા., લંબેહનુમારોડ, સુરત. મુદૃા નં.(બી) સેંટ થોમસ ઈંગ્લીસ મીડીયમ સ્કુલ ન્યુ. સીટી લાઈટ રોડ, આર્શીવાદ વિલા પાસે, ભરથાણા, સુરત–૧૭, ધ્વારા તા.૩–૪–૦૭ ના રોજ આવક નં.૩૯૮ તા.૧૯–૪–૦૭ ન.પ્રા.શિ.સ. થી અનુસૂચિ–૬ નિયમ–૧૦૬(૨) અને ૧૧૧(૨) (ગ) ના પાલનની લેખિત બાંહેધરી આપી હતી. શાળાની લેખિત બાંહેધરી બાદ આજ દિન સુધી નિયમ મુજબ શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી. મુદૃા નં.(સી) ન.પ્રા.શિ.સ. કચેરીનો તા.૨૯–૩–૦૭ ના પત્ર નં.૯૧ ૨૮ ની સૂચનાનું નીચેની શાળાઓએ પાલન કર્યુ નથી. ૧. સનબ્રાઈટ સ્કુલ, પ્રભુનગર–૧, કતારગામ, સુરત. (૨) પ્રજ્ઞા પ્રાથમિક શાળા, વેડરોડ, સુરત. (૩) વિનય વિદ્યા મંદિર, વેડરોડ, સુરત શાળા ક્રમાંક ૫૩૫ (૪) વિવેક વિદ્યાલય, કતારગામ, વેડરોડ, સુરત. (૫) મારૂતિ વિદ્યાલય (ગુ. મા.) ૧૨૯ –૧૩૦, ત્રિભોવનનગર, વેડરોડ, સુરત.(૬) કે.પી. સાર્વજનિક પ્રા.શા. શિવછાયા સોસા., વેડરોડ, સુરત. (૭) માતૃભૂમિ વિદ્યાભવન, નવજીવન સોસા., ડભોલી ચાર

રસ્તા, વેડરોડ, સુરત. (૮) પ્રજ્ઞા પ્રા. સ્કુલ મોટા બેચરાજી, ડભોલી રોડ, સુરત–૪. (૯) હંસમુકિત વિદ્યાભવન, બળવંતનગર સોસા., કતારગામ, સીંગણપોર રોડ, સુરત–૪.(૧૦) દુધીબા વિદ્યાલય, મગનનગર–ર, કતારગામ, સીંગણપોર રોડ, સુરત. (૧૧) માતૃભારતી પ્રા. શાળા, ૨૧–૨૨, માધવબાગ સોસા., કતારગામ, સુરત–૪. (૧૨) મારૂતિ વિદ્યાલય, વેડરોડ, સુરત–૪.(એમ.એમ.) (૧૩). મારૂતિ વિદ્યાલય એચ. એમ. સુરત–૪. (૧૪) મારૂતિ વિદ્યાલય (ગુ.મા.) વેડરોડ, સુરત–૪. (૧૫) પ્રમુખ વિદ્યાલય સીંગણપોર , કોઝવે રોડ, સુરત. (૧૬) જ્ઞાનગંગા પ્રા.શા. , વેડરોડ, સુરત. (૧૭) શ્રી શારદા વિદ્યામંદિર, રીવર પાર્ક, કોઝવે રોડ, સીંગણપોર, સુરત–૪. (૧૮) બિલીયન્ટ વિદ્યાલય, વેડરોડ, સુરત.(૧૯) જે. જે. વિદ્યાલય, સીંગણપોર, ચાર રસ્તા, વેડરોડ, સુરત. (૨૦) જે.બી. વિદ્યાલય, સુરત–૪. (૨૧) મણીબા વિદ્યા સંકુલ, યમુના પાર્ક, ડભોલી, સુરત. મુદ્દા નં.(ડી) કેન્દ્ર નં.૨૮ ધ્વારા તા.૨૯–૩–૦૭ ના પત્ર નં.૨૯૨૮ સૂચના નીચે દર્શાવેલ શાળાઓને આપવામાં આવી હતી. સૂચનાનું પાલન કરવામાં આવેલ નથી. (૧) વી. એન.. ગોધાણી કન્યા વિદ્યાલય, અંગ્રેજી માધ્યમ, ગ્રીન લાઈન્સ, સુરત કતારગામ. (૨) વી. એન.. ગોધાણી કન્યા વિદ્યાલય, ગુજરાતી માધ્યમ, ગ્રીન લાઈન્સ, સુરત કતારગામ.(૩) ગાયત્રી વિદ્યાલય, હરીઓમ સોસા., વેડરોડ, સુરત. (૪) પ્રજ્ઞા વિદ્યાલય, કુબેર પાર્ક સોસા., વેડરોડ, સુરત. (૫) એસ.વી. વિદ્યાલય, મગનનગર, કતારગામ, સુરત. (૬) સતગુરૂ વિદ્યાલય, કતારગામ, સુરત. (૭) ચંદ્રદીપ વિદ્યાલય, કતારગામ, ગીતામંદિર, નીલકંઠનગર–૧, કતારગામ, સુરત. (૮) ડી.ડી. રાદડીયા, પ્રા.શાળા, કતારગામરોડ, સુરત. (૯) અંકુર વિદ્યાભવન, કતારગામ, સુરત. (૧૦) યોગી પ્રવૃતિ વિદ્યાલય, કતારગામ, સુરત. (૧૧)શ્રી એસ.એચ. ગજેરા પ્રા. શા. ગુજરાતી માધ્યમ, કતારગામ, સુરત. (૧૨) શ્રી એચ. જે. ગજેરા, પ્ર ા. અંગ્રેજી સ્કુલ, અમરોલી રોડ, કતારગામરોડ, સુરત–૪. ઉપરોકત શાળાઓ સામે કરેલી દરખાસ્તની માહિતી મુદ્દા નં.૩. તા.૩૦–૫–૦૫ થી તા.૫–૬–૦૮ દરમ્યાન મા.ખા.પ્રા. બિનઅનુદાનિત શાળાઓમાં શીડયુલ–૧ મુજબ થયેલી ભરતી સબંધી ઈન્ટરવ્યુમાં ન.પ્રા.શિ. સ. કચેરીના નિરીક્ષકો કુલ ૪૧ શાળામાં નિયમ મુજબ હાજર રહયા હતાં કચેરીના અધિકારીઓ ધ્વારા ઈન્ટરવ્યુ વેળા હાજર રહી કરેલી કામગીરી સબંધી જે પત્રો ન.પ્રા.શિ.સ. સુરતમાં જમાં કરાવ્યા હોય તે પત્રોની ઈન્ટરવ્યુદીઠ હાજર ઉમેદવારોના નામ નિમણૂંક કરેલ શિક્ષકોના નામ, બહાલી આપવા શાસનાધિકારીશ્રીને ભલામણ કરી હોય તો તે પત્રોની માહિતી શાળા ના નામ તારીખવાર કચેરીમાં રજૂ કરેલ કરેલ રીપોર્ટ પત્રની આવક નંબર સાથેની માહિતી . મુદ્દા નં.૪. નામદાર પ્રા.શિક્ષણ ટીબ્યુનલ અમદાવાદની અરજી નં.૧૪૩ /૯૯ અપીલ નં.૪/૯૯, ૯૧/૨૦૦૪, ૭૯/૨૦૦૪,૧/૨૦૦૫, ૮૯/૨૦૦૬,૯૦/૨૦૦૬, સબંધી ન. પ્રા. શિ.સ. પક્ષકાર કચેરીના સત્તાધિશ અધિકારી ધ્વારા પ્રા.શિ. ટીબ્યુનલમાં રજૂ કરેલ રીમાર્કસ સબંધી પત્રોની પ્રમાણિત નકલોની માંગણી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી આપવામાં આવેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે કલમ–૮,૯ કે ૧૧ ના અપવાદનું કારણ જણાવવામાં આવેલ નથી. જે બાબતે અરજદારે તા.૨૭–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી માંગેલ માહિતી વિના મૂલ્યે અપાવવા રજૂઆત કરેલ છે. અરજીનો આઈ ડી નંબર જણાવ્યો નથી સ્વીકૃતિપત્ર આપ્યો નથી. તેવી રજૂઆત કરેલ છે. તથા અપીલ તબકકે તા.૧૫–૨–૧૦ ના રોજ અત્રે મળેલ પત્રમાં અરજદારે માહિતી છુપાવી અને નિયમોનું પાલન ન કરવાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે પણ કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. કે માહિતીના ઈન્કાર સબબ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળના અપવાદ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)ને જણાવવામાં આવે છે. તથા દરેક અરજદારને આરટીઆઈ એકટના નિયમ–૩(૧) મુજબ અરજીની સ્વીકૃતિ અંગેની પહોંચ આપવા સૂચિત કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/ — ડે.કમિશ્નર(જનરલ),
તારીખ : –૩ –૧૦ — અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) ,..જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિપક પટેલ,